**શ્રી વિજયભાઈ આર. પટેલ**

**માન.નાયબ મુખ્ય દંડકશ્રી**

*************************************************

**માન. અધ્યક્ષશ્રી,**

વિકસિત ભારત સંકલ્પયાત્રાનો શુભારંભ **આદિવાસી સમાજના જનનાયક બિરસા મુન્ડાની જન્મ જયંતિ ૧૫મી નવેમ્બર આદિવાસી ગૌરવ દિવસના રોજ** આ દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ઝારખંડથી કરાવ્યો હતો.

**માન. અધ્યક્ષશ્રી,**

વિકસિત ભારત સંકલ્પયાત્રા એ આ દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે જે છેવાડાનો માનવી સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાના લાભથી વંચિત છે તેવા લાભાર્થીને પોતાનાં ઘર આંગણે આ યોજનાનો લાભ મળી રહે એ હેતુને સિદ્ધ કરવા "**આઓ વહિ દિપ જલાયે, જહાં અભી ભી અંધેરા હૈ"** એવા સંકલ્પને સાકાર કરવા મોદી સાહેબે આ યાત્રાની શરૂઆત કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

(૧) **પ્રધાનમંત્રી (પી.એમ.) આવાસ યોજના**

આ દેશમાં જે નબળો વર્ગ છે ગરીબ પરીવાર છે ગામડામાં ઝૂંપડામાંરહે છે અથવા કાચું મકાન છે અને જે શહેરમાં રહે છે પણ ભાડે મકાનમાં રહે છે તેવા લોકોને પોતાના સપનાનું ઘર મળી રહે તે માટે આ દેશનાં વાડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સને ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરવામાં આવી.

**માન. અધ્યક્ષશ્રી,**

આ યોજના અંતર્ગત લાભાર્થીને **રૂ. ૧,૨૦,૦૦૦/−ની સહાય** આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં આવાસ બનાવવામાં આવે તો તેવા લાભાર્થીને **રૂ. ૨૦,૦૦૦/− સરકારશ્રી પ્રોત્સાહક સહાય** આપે છે, અને મનરેગા અંતર્ગત **રૂ. ૨૨,૦૦૦/−નો લાભ** મળે છે અને **રૂ. ૧૨,૦૦૦/− શૌચાલય બનાવવા માટે લાભ આપવામાં આવે છે.** આમ કુલ **રૂા.૧ લાખ પર હજાર** જેટલી સહાય આપવામાં આવે છે. ગરીબ

પરિવારને પોતાનું સપનાનું ઘર સાકાર કરવાનું કામ આ દેશના વડાપ્રધાન મોદી સાહેબે પ્રધાનમંત્રી આવાસ યોજના થકી કરેલ છે. દેશમાં **૪ કરોડ** અને ગુજરાત રાજ્યમાં **૫ લાખ ગ્રામીણ ક્ષેત્ર, ૮ લાખ શહેરી આવાસ આમ કુલ ૧૩ લાખથી** પણ વધારે આવાસોનું બાંધકામ કરવામાં આવેલ છે.

**શહેરી વિસ્તારમાં ગુજરાત સરકાર દ્વારા રૂા.૧.૫૦ લાખ અને કેન્દ્ર સરકાર દ્વારા ૧.૫૦ લાખ એમ કુલઃ- ૩.૦૦ લાખ સહાય આપવામાં આવે છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા **નવસારી જિલ્લા ખાતેથી કુલ રૂા.૪૪ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનો લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

**માન.અધ્યક્ષશ્રી,**

તા.૨૫ ફેબ્રુઆરી–૨૦૨૪ના **રોજ માન.શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા દેવભૂમિ દ્વારકા ખાતેથી સુદર્શન સેતુ અને દેવભૂમિ દ્વારકા, જામનગર તથા પોરબંદર જિલ્લામાં રૂા.૪૧૦૦ કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે.** જેમાં,

સુપ્રસિધ્ધ તીર્થધામ બેટ દ્વારકાને જોડતા દેશના સૌ પ્રથમ વક્ર આકારના પાયલન ધરાવતા તેમજ ચારે દિશાએ સુધી પારદર્શિતા આપતી ગેલેરી, પેડેસ્ટ્રિયન વોકવેઝ તથા સૌર ઉર્જા ઉત્પન્ન કરવાની સુવિધા સાથેના અને દેશના સૌથી લાંબા કેબલ સ્ટેઇડ બ્રિજ સુદર્શન સેતુ

**માન.અધ્યક્ષશ્રી,**

**ગુજરાતના પનોતા પુત્ર અને યશસ્વી પ્રધાનમંત્રીશ્રી દ્વારા લોકહિતના કામો રાષ્ટ્રને અર્પણ કરવામાં આવ્યા રાજકોટ ખાતે રૂા.૪૮,૦૦૦ કરોડના વિકાસકાર્યોની ભેટ તરીકે,**

**માન.અધ્યક્ષશ્રી,**

(૨) **પી.એમ. ગરીબ કલ્યાણ અન્ન યોજના**

**આજે વ્યક્તિની મુખ્ય જરૂરીયાત રોટી, કપડા અને મકાન છે. ત્યારે દેશમાં કોઈ નાગરિક ભૂખ્યો ન સૂવે** એ મંત્ર લઈને ચાલતી સરકાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત દેશના તમામ ગરીબ રેખા નીચે આવતા લોકોને પ્રતિમાસ વિનામૂલ્યે રાશન તરીકે આપવામાં આવે છે. આ યોજનાની શરૂઆત એપ્રિલ ૨૦૨૦થી કરવામાં આવી અને વખતો વખત તેની સમય અવધી વધારવામાં આવે છે. એપ્રિલ-૨૦૨૦ થી સપ્ટેમ્બર, ત્યારબાદ ડિસેમ્બર ૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી લંબાવવામાં આવી છે. કોરોના જેવી વૈશ્વિક મહામારીના દિવસો દરમિયાન પણ ૩.૨ લાખ કરોડ કરતાં વધારેના ખર્ચ સાથે **૮૦ કરોડ** કરતાં વધારે નાગરિકોને વિનામૂલ્યે રાશન પૂરું પાડવામાં આવે છે. આ યોજના વધુ પાંચ વર્ષ માટે લંબાવીને લાભાર્થીઓને રાશન પૂરૂ પાડવામાં આવી રહ્યું છે.

NFSA-નેશનલ ફુડ સિક્યુરીટી એકટ હેઠળ ડીસેમ્બર-૨૦૨૩ ની સ્થિતિએ **ગુજરાત રાજયમાં ૭૨,૭૧,૩૨૮ કાર્ડધારક** છે અને ઉકત કાર્ડ હેઠળ સમાવિષ્ઠ કુલ આવતા **૩,૫૪,૬૨,૭૬૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

(૩) **પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડ યોજનાઃ–**

આરોગ્ય યોજના દ્વારા દરેક નાગરિકના સ્વાસ્થ્યની દરકાર લેવામાં આવી રહી છે. PMJAY અંતર્ગત **હૃદય, કીડની, મગજ, ડાયાલિસીસ, કેન્સર વગેરે જેવી ગંભીર બીમારીઓમાં આર્થિક સહાય આપવામાં આવે છે.** આ યોજના હેઠળ પહેલાં **૫ લાખની** જોગવાઈ હતી તેમાં રાજ્ય સરકારના **૫ લાખ** એમ હાલ આ યોજના અંતર્ગત **૧૦ લાખ** સુધીની સારવાર લઈ શકાય છે. આ યોજના અંતર્ગત રાજ્યભરમાં નક્કી કરાયેલી હોસ્પિટલમાં કેશલેસ સારવારનો લાભ આપવામાં આવે છે. આ યોજનામાં કુટુંબનાં સભ્યોની મર્યાદા વગર તમામ પરિવારજનોને લાભ આપવામાં આવે છે.

આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમ્યાન જે લોકોએ આ આયુષ્યમાન ભારત કાર્ડનો લાભ લીધેલ તે લોકોએ **મેરી જુબાની મેરી કહાનીમાં પોતે કહ્યુ કે મારે જીવવાની કોઇ ગેરંટી ન હતી પણ**

**મારો ઈલાજ આયુષ્યમાન ભારત કાર્ડ દ્વારા કરવામાં આવ્યો મારો આખો ખર્ચ આયુષ્યમાન કાર્ડમાં મફતમાં થઇ ગયો જેથી હું સારો થયો છું.** માટે હું  મોદી સાહેબ અને ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારનો હું આભાર માનું છું.

વર્ષ ૨૦૧૮ માં પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડ યોજના શરૂઆત કરવામાં આવેલ હતી. આ યોજના લોકોની મફત સ્વાસ્થય વીમા સુધીની પહોંચને સુનિશ્ચિત કરે છે. આ યોજના હેઠળ **કુલ રૂા.૨૩.૧૯ કરોડ સ્વાસ્થય વીમા કાર્ડ ઈસ્યુ** કરવામાં આવેલ છે. **તે પૈકી ગુજરાતમાં યોજનાની શરૂઆત થી** તા.૧૭-૧૨-૨૦૨૩ સુધીમાં રૂા.૨૩૦૯ કરોડના ૮.૩૦ લાખ લાભાર્થીઓના દાવાઓ નોંધાયેલ છે.

હાલમાં **ગુજરાત રાજયમાં ૨ કરોડ ૩૯ લાખ થી વધુ લોકો માટે આયુષ્યમાન ભારત કાર્ડ ઈસ્યુ કરવામાં** આવેલ છે.

**૫૦ કરોડ લોકોને મળી નિઃશુલ્ક સારવારની ગેરંટી છે. વધુમાં, જનઔષધિ કેન્દ્રો ખાતે સસ્તી અને ઉત્તમ દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી અને કોરોનાકાળમાં દેશના દરેક નાગરિકને નિઃશુલ્ક વેક્સિન આપવામાં આવી છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

**(૪) પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ– પી.એમ. કિસાન યોજનાઃ–**

ખેડ, ખાતર અને બિયારણ માટે પણ સરકારે ચિંતા કરી ખેડુતો માટે વર્ષ ૨૦૧૯માં શરૂ થયેલી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખેડૂતોને દર વર્ષે રૂ.૬,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. આ રકમ ખેડૂતોના ખાતામાં ૪ મહિનાના અંતરે ૨–૨ હજાર રૂપિયાના ત્રણ હપ્તામાં મોકલવામાં આવે છે. ખેડૂતોને આર્થિક રીતે મજબૂત કરવાની ભારત સરકારની આ યોજના અન્વયે ગુજરાતમાં લાખો ખેડૂત લાભાર્થીઓના બેંકના ખાતામાં સહાય સીધી જમા કરવામાં આવી છે. પી.એમ. કિસાન સન્માન યોજના હેઠળ અત્યાર **સુધીમાં દેશભરમાં ૧૧.૩૯ કરોડ**થી વધુ ખેડૂતોને લાભ મળ્યો છે.

ગુજરાતમાં તે પૈકી તા.૧૮–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ રાજયમાં એક થી પંદર હપ્તાના **કુલ ૬૪.૬૩ લાખ** ખેડુત પરિવારોને **કુલ**

**રૂા.૧૫૪૦૭.૭૬ કરોડ** રૂપિયા ચૂકવવામાં આવ્યા છે અને **આ DBT દ્વારા સીધા ખેડુતના ખાતામાં પ્રધાનમંત્રી એક બટન દિલ્હીમાં દબાવે તો દેશના ૧૧ કરોડ ૩૯ લાખ ખેડુતોના ખાતામાં સીધી રકમ જમા થઇ** જાય છે.

**માન.અધ્યક્ષશ્રી,**

## (૫) ઉજવલા યોજના

દેશની માતા, બહેનો અને દીકરીઓના આરોગ્યની સુરક્ષાને વિચાર કરીને તેમને ચુલા ફુંકવામાંથી, રોજના ધુમાડાવાળા જીવનથી મુક્તિ મળે તેવા વિચારથી ગેસ સિલિન્ડર પુરા પાડવાના ઉમદા હેતુથી આ યોજનાનો આરંભ કરવામાં આવ્યો. આ યોજનાનો વ્યાપ વધારી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અંત્યોદય, અતિ પછાત વર્ગ જેવા વિવિધ વર્ગની મહિલાઓને આવરી લેવામાં આવી છે. વર્ષ ૨૦૨૩ માં સરકારે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે **સિલિન્ડર દીઠ રૂા.૨૦૦ ની સબસિડી** વધારાની જાહેરાત કરી જેના કારણે લાખો મહિલાઓ આવરી લઈ શકાય છે.

વર્ષ ૨૦૧૬માં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના રસોઈ બનાવવાના સ્વચ્છ ઈંધણ માટે મફત LPG કનેકશન આપવા શરૂ કરવામાં આવેલ હતી. જેનાથી અત્યાર સુધી **કુલ ૧૦.૦૦ કરોડ મહિલાઓ લાભાંકિત** થયેલ છે.

**ગુજરાત રાજયમાં ઉજ્જવલા યોજનામાં તા.૩૦-૧૧-૨૦૨૩ની સ્થિતિએ ૪૦ લાખ જોડાણ આપવામાં આવેલ છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

(૬) **ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાઃ-**

વર્ષ ૨૦૧૮-૧૯ સુધી વિધવા બહેનોને માસિક રૂ.૧૦૦૦ સહાય ચુકવવામાં આવતી હતી, જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૦૮-૦૩-૨૦૧૯ ના ઠરાવથી તા.૦૧-૦૪-૨૦૧૯ની અસરથી રૂ.૨૫૦ જેટલો વધારો કરીને હવે માસિક સહાય રૂ.૧૨૫૦ ચુકવવામાં આવેલ છે લાભાર્થીનો પુત્ર ૨૧ વર્ષનો થતાં અગાઉ વિધવા સહાય બંધકરવામાં આવતી હતી તે શરત મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૦૮-૦૩-૨૦૧૯ના ઠરાવથી રદ કરી બધા જ લાભાર્થીઓને આજીવન સહાય આપવાનું નક્કી કરાયેલ છે એટલે હાલમાં પાત્રતા ધરાવતા બધા જ લાભાર્થીઓને જીવન પર્યંત સહાય ચુકવવામાં આવે છે

માર્ચ ૨૦૨૦ થી NSAP પોર્ટલ પર DBT ની શરૂઆત કરવામાં આવેલ છે અગાઉ તા.૦૮-૦૩-૨૦૧૯ની સ્થિતિએ લાભાર્થીઓની સંખ્યા ૧,૪૮,૩૩૩ હતી પરંતુ ૨૧ વર્ષના પુત્રની જોગવાઈ રદ કરાતા લાભાર્થીની સંખ્યામાં મોટી વધારો થયેલ છે ડિસેમ્બર-૨૦૨૩માં **૧૪.૭૮ લાખ લાભાર્થીઓને સહાયનું ચુકવણુ** કરેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

(૭) **હર ઘર જલ – જલ જીવન મિશન**

ગ્રામ્ય વિસ્તારોમાં વસતા લોકોનું ખાસ કરીને મહિલાઓ અને કન્યાઓનું જીવન સુધરે એ માટે ૨૦૨૪ સુધીમાં દરેક ગ્રામીણ ઘરને નળ દ્વારા પીવાનું પાણી પહોંચાડવાનું સુનિશ્ચિત કરવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૫મી ઑગસ્ટ, ૨૦૧૯ના રોજ ‘જલ જીવન મિશન–હર ઘર જલ' યોજના અમલમાં મૂકી છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧–૨૨માં ૧૦ લાખથી વધારે ઘરોને નળ જોડાણો પૂરાં પાડવાંમાં આવ્યા. ગુજરાતમાં ૯૨.૯૨ લાખ ગ્રામીણ ઘરો છે. એમાંથી ૭૭.૨૧ લાખ (૮૩%) ઘરોમાં પાઈપ દ્વારા પાણી પહોંચે છે. રાજ્યના ૧૮ હજાર ગામોમાંથી, ૬૭૦૦થી વધારે ગામોમાં દરેક ઘરમાં નળ દ્વારા પાણી પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. રાજ્યના ૫ જિલ્લાઓમાં દરેક ગ્રામીણ ઘરમાં નળથી પાણી મળી રહ્યું છે. **૧૪ કરોડથી વધુ ઘરોને મળ્યુ નળ થી શુધ્ધ જળ આ પણ મોદી સરકારની ગેરંટી છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

મહિલા સશક્તીકરણના અભિગમને વધુ વ્યાપક સ્તરે વિસ્તારવાના હેતુ સાથે અને મહિલાઓ રાજ્ય સરકારની નોકરી અને જાહેર વહીવટમાં મહત્ત્વનો ભાગ લઈ શકે તે માટે મહિલા અનામતમાં વધારો કરી ૩૩ ટકા કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

(૮) **પી.એમ. વિશ્વકર્મા યોજના**

પી.એમ. વિશ્વકર્મા યોજના હસ્ત કારીગીરો માટે આશીર્વાદરૂપ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલી પી.એમ. વિશ્વકર્મા યોજના અંતર્ગત પ્રથમ એક લાખ રૂપિયાની લોન ૧૮ મહિના માટે ચૂકવણી કર્યા પછી લાભાર્થી બે લાખ રૂપિયાની વધારાની લોન આપવામાં આવે છે. પી.એમ. વિશ્વકર્મા યોજના હેઠળ કારીગરોને આપવામાં આવતી લોન ઉપર ૮ ટકા સુધીની સબસિડી આપવામાં આવે છે. આ યોજના હેઠળ લાભાર્થીઓ માત્ર પાંચ ટકાના

રાહત દરે ત્રણ લાખ રૂપિયા સુધીની લોન લઈ શકે છે. સુથાર, સુવર્ણકાર, લુહાર, મિસ્ત્રી, પથ્થર શિલ્પકારો, વાળંદ અને નાવિક જેવા ૧૮ ક્ષેત્રોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સરકાર ત્રણ લાખ રૂપિયા સુધીની લોન આપે છે. શરૂઆતમાં એક લાખ રૂપિયાની લોન આપ્યા બાદ ૧૮ મહિના સુધી ચૂકવણી કર્યા પછી, લાભાર્થી બે લાખ રૂપિયાની વધારાની લોન મેળવી શકે છે. ગુજરાતમાં આ યોજના હેઠળ અત્યાર સુધી **૧૪ હજારથી વધુ** કારીગરોની અરજી સ્વીકારવામાં આવી છે.

**૫૧ કરોડથી વધુ નાગરિકોને બેન્કીંગ સિસ્ટમ સાથે જોડાણ કરેલ છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

(૯) **પ્રધાનમંત્રી જન ધન યોજનાઃ-**

બેન્કિંગ અને આર્થિક સેવાઓ સુધી ભૌતિક પહોંચનું વિસ્તરણ કરવાના ઉદ્દેશ્ય સાથે વર્ષ ૨૦૧૪ માં પ્રધાનમંત્રી જન ધન યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં હાલ ૧૧.૭૨ કરોડ બેંક ખાતા ખોલવામાં આવ્યા છે.

**માન.અધ્યક્ષશ્રી,**

(૧૦) **દીનદયાળ અંત્યોદય યોજનાઃ–**

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM)

દીનદયાળ અંત્યોદય યોજના– રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અને ગ્રામીણ વિકાસ મંત્રાલયની ગરીબોના ઉત્કર્ષ માટેની મહત્વની યોજના છે. આ યોજનાનો ઉદેશ્ય સ્વ–સહાય જૂથો જેવી સામુદાયિક સંસ્થાઓ દ્વારા ગરીબ મહિલાઓને લાભ આપવાનો છે. ગ્રામીણ ગરીબીને દૂર કરવાની દિશામાં આ એક અગત્યનું પગલું છે. આ યોજનાઓના પરિણામે સ્વસહાય જૂથની મહિલાઓને બેંકોમાંથી આવશ્યક ધિરાણ ઉપલબ્ધ થતાં તેમની આજીવિકાનો આધાર મજબૂત બની શકે છે. જૂન–૨૦૧૧શ્રી 'આરંભાયેલી આ યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, ‘મિશન મંગલમ' યોજના તરીકે જાણીતી છે. ગ્રામીણ મહિલાઓ સ્વસહાય જૂથ (Self Help Group -SHG) બનાવી આર્થિક રીતે સક્ષમ બને છે. ૨૦૨૪ સુધીમાં ૧૦

કરોડ જેટલી મહિલાઓ સ્વ–સહાય જૂથો સાથે જોડાય તેવો અંદાજ છે. સ્વસહાય જૂથોની મહિલાઓ વિવિધ આજીવિકા મેળવી આપનાર સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય થઈ. આત્મનિર્ભર બની પોતાનામાં રહેલા કૌશલ્યથી રોજગારી મેળવી રહી છે. દેશના કુલ દૂધ ઉત્પાદનમાંથી ૩૦ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે. રાજ્યમાં ૪૫૦૦ જેટલી દૂધ મંડળીઓ મહિલા સંચાલિત છે. આ મિશન હેઠળ કે ડીટ લોનની બમણી રકમ અપવામાં આવે છે. ૯૭ ટકા બહેનો નિયમિત રીતે આ રકમ પરત ભરપાઈ પણ કરે છે. રાજ્યના અર્થતંત્રને સક્રિય રાખવામાં ગ્રામીણ વિસ્તારની સ્વસહાય જૂથની સભ્ય બહેનોનું અમૂલ્ય અગદાન છે.

**માન.અધ્યક્ષશ્રી,**

## (૧૧) **કિસાન ક્રેડિટ કાર્ડ (KCC)**

કિસાન ક્રેડિટ કાર્ડ યોજના દ્વારા, ખેડૂતોને કોઈપણ ગેરંટી વિના ખેતીના કાર્યો માટે રૂ.૩ લાખ સુધીની લોન આપવામાં આવે છે. આ ટૂંકા ગાળાની લોનની સામે ખેડૂતે કોઈપણ પ્રકારની મિલકત ગીરવે રાખવાની જરૂર હોતી નથી. ખેડૂતોને ખેતી માટે નાણાંની અછતનો સામનો કરવો પડતો નથી. કોઈપણ મુશ્કેલી વિના ખેડૂત ભાઈઓ ઓછા વ્યાજદરે લોન મેળવી શકે છે. ૪.૭ લાખ કરોડ રૂપિયાની મંજૂર ક્રેડિટ સુવિધા સાથે ૪.૦૨ કરોડ રૂપિયાથી વધુ નવી KCC અરજીઓ મંજૂર કરવામાં આવી. ગુજરાત સરકાર દ્વારા આ યોજના હેઠળ લોનના વ્યાજમાં ૪ ટકા આર્થિક સહાય રૂપે આપવામાં આવે છે.

**ગુજરાત રાજયમાં રૂા.૨૭,૬૩,૪૯૦ સહાય આપવામાં આવેલ છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

(૧૨) **પી.એમ. પોષણ અભિયાન**

"પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના –પીએમ પોષણ યોજના" અન્વયે સરકારી તમામ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને બપોરનું તાજું અને ગરમ ભોજન આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે વર્ષ ૨૦૨૧–૨૨ થી ૨૦૨૫–૨૬ સુધી વધુ ૫ વર્ષ લંબાવવાનો ભારત સરકાર દ્વારા જનહિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૨–૨૩માં જાન્યુઆરી–૨૦૨૩ સુધીમાં રૂપિયા ૭૮૨.૩૪ કરોડના ખર્ચે રાજ્યની ૩૨,૩૭૧ શાળાઓના ૪૨.૮૧ લાખ વિદ્યાર્થીઓ માટે ૯૮૯૪૬.૫૨ મેટ્રીક ટન અનાજના ઉપયોગથી બપોરનું તાજું અને ગરમ ભોજન આપવામાં આવ્યું છે. રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાનાં બાળકોમાં કુપોષણ નિવારણના ઉમદા હેતુસર વર્ષ ૨૦૨૨–૨૩થી PM POSHAN યોજનામાં બાળકોના ભોજનમાં આયોડિન ઉપરાંત લોહતત્વ ધરાવતાં ડબલ ફોર્ટીફાઈડ મીઠાનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો.

**માન.અધ્યક્ષશ્રી,**

(૧૩) **સ્વામિત્વ**

સ્વામિત્વ યોજના પ્રોપર્ટી કાર્ડ યોજના તરીકે જાણીતી છે. ગ્રામીણ નાગરિકોને પોતાની સંપત્તિની માલિકીનો પુરાવો આપવા ઉપરાંત આ કાર્ડના બદલામાં તેમને લોન અને અન્ય નાણાકીય લાભો આપીને તેમને આર્થિક રીતે સશક્ત બનાવવાના બેવડા ઉદેશ્ય સાથે ભારત સરકાર દ્વારા આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ ગ્રામજનોને તેમની મિલકતની માલિકીનું પ્રમાણપત્ર મળે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

(૧૪) **જીવન જ્યોતિ વીમા યોજના** (PMJJBY)

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૫ની ૯મી મેના રોજ પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતેથી જીવન જ્યોતિ વીમા યોજનાનો તંત્રી પ્રારંભ કર્યો હતો. આ યોજનામાં અણધાર્યા જોખમો/નુકસાન તેમજ આર્થિક અનિશ્ચિતતાઓના કારણે લોકોના જીવનમાં આવતી મુશ્કેલીઓ વર્ષ સામે તેમને સુરક્ષિત કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખવામાં આવી છે. માં દેશમાં અસંગઠિત ક્ષેત્રના દરેક નાગરિક આર્થિક સુરક્ષા મેળવે તે સુનિશ્ચિત કરવા માટે, સરકારે વીમા યોજના એટલે કે **પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના (PMJJBY)નો પ્રારંભ કર્યો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧ સુધીમાં ૪૦.૫૭ લાખ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.**

**માન.અદ્યક્ષશ્રી,**

(૧૫) **સુરક્ષા વીમા યોજના** (PMSBY)

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૯ મે ૨૦૧૫ના રોજ પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY)નો પ્રારંભ કર્યો હતો, PMSBY એક વર્ષની મુદતની અકસ્માત વીમા યોજના છે. આ યોજના હેઠળ વીમાધારકને અકસ્માતના કારણે મૃત્યુ અથવા વિકલાંગતા સામે રૂપિયા ૨ લાખનું અકસ્માત મૃત્યુ અથવા વિકલાંગતા કવચ (જો આશિક વિકલાંગતા હોય તો રૂ. ૧ લાખનું કવચ) આપવામાં આવે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧ સુધીમાં ૯૯.૪૨ લાખ લાભાર્થીઓને લાભ અપાયો છે. **ગુજરાત રાજયમાં તા.૦૬-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કુલ ૧,૬૪,૩૩,૭૮૦ સહાય આપવામાં આવેલ છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

(૧૬) **અટલ પેન્શન યોજના** (APY)

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૯ મે ૨૦૧૫ના રોજ અટલ =i પેન્શન યોજના (APY)નો પ્રારંભ કરાવ્યો. APY અંતર્ગત ૧૮ થી ૪૦ વર્ષની વયના બેંક ખાતાધારકો લાભ લઈ શકે છે. આ યોજનામાં સામેલ થયા પછી ગ્રાહકે આપેલા યોગદાનના આધારે તેમની ૬૦ વર્ષની ઉમર પછી ૧૦૦૦ રૂપિયા, ૨૦૦૦ રૂપિયા, ૩૦૦૦ રૂપિયા, ૪૦૦૦ નું રૂપિયા અથવા ૫૦૦૦ રૂપિયાનું ગેરેંટેડ લઘુત્તમ માસિક પેન્શન મળે છે.

સિદ્ધિઓ: ૨૭.૦૪.૨૦૨૨ સુધીમાં ૫ કરોડથી વધુ લોકોએ આ યોજનામાં નોંધણી કરાવી છે. ગુજરાતમાં ૧૯.૪૨ લાખ લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાયા છે. **ગુજરાત રાજયમાં તા.૦૯–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રૂા.૨૨,૮૨,૬૨૬ સહાય આપવામાં આવેલ છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

(૧૭) **પી.એમ. સ્વનિધિ યોજનાઃ–**

શહેરમાં રોજે રોજનું કામ કરી રોજી રોટી રળતા ફેરીયા ભાઈઓની આર્થિક સ્થિતિ સુધારવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ યોજના ૧ લી જૂન ૨૦૨૦ ના રોજ શરૂ કરી છે. આ યોજનામાં શહેરોમાં શેરી ફેરીયા, લારી ગલ્લાવાળાને રૂા.૫૦,૦૦૦ સુધીની લોન આપીને એમના વ્યવસાયને વિકાસાવવામાં આર્થિક સહાય આપવામાં આવે છે. નિયમિત ચુકવણી કરવા વાળા ફેરીયા ભાઈઓને ૭ ટકા વ્યાજ સબસિડી તથા ડીજિટલ પેમેન્ટ કરનારને વાર્ષિક રૂા.૧૨૦૦ સુધીનું કેશબેક આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. **પી.એમ. સ્વનિધિ યોજના હેઠળ સમગ્ર ભારતના ૫૦ લાખથી વધુ સ્ટ્રીટ વેન્ડર્સને રૂા.૮૬૦૦ કરોડની લોન આપવામાં આવી છે. આ યોજના હેઠળ ગુજરાતના ૪,૩૧,૮૨૩ સ્ટ્રીટ વેન્ડર્સને સહાય ચુકવાઈ છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

(૧૮) **પ્રધાનમંત્રી મુદ્રા યોજનાઃ-**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા તા.૮ મી એપ્રિલ ૨૦૧૫ ના રોજ પ્રધાનમંત્રી મુદ્રા યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યોજના અંતર્ગત નાના અને સુક્ષ્મ ઉધ્યોગ સાહસિકોને રૂા.૧૦ સુધીની લોન આપવામાં આવે છે. આ યોજનામાં શિશુ (રૂા.૫૦,૦૦૦ સુધીની લોન) કિશોર (રૂા.૫૦,૦૦૦ અને રૂા.૫ લાખ સુધીની લોન) અને તરૂણ (રૂા.૫ લાખ થી વધુ અને રૂા.૧૦ લાખ સુધીની લોન) મળે છે. પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત ૪૦.૮૨ કરોડ લોન ખાતાઓમાં લગભગ રૂા.૩૨.૨ લાખ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ યોજના હેઠળના આપવામાં આવેલી કુલ લોનમાંથી લગભગ ૬૮ ટકા ખાતાઓ મહિલા ઉધ્યોગ સાહસિકોના છે. ૫૧ ટકા ખાતાઓ એસ.સી./ એસ.ટી. અને ઓ.બી.સી. શ્રેણીના ઉધ્યોગ સાહસિકોના છે.

**માન.અધ્યક્ષશ્રી,**

(૧૯) **પી.એમ. પ્રણામ**

ખેડૂત કલ્યાણ માટે 'પ્રાઈમ મિનિસ્ટર પ્રોગ્રામ ફોર રિસ્ટોરેશન, અવેરનેસ, નરચરિંગ એન્ડ ઈમ્પ્રુવમેન્ટ ઑફ ફર્ટિલિટી ઑફ મધર અર્થ (PM-PRANAM)' યોજનાનો વર્ષ ૨૦૨૨માં આરંભ કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે. ખેડૂતોને જૈવિક ખાતરો અને જૈવિક ખાતરોના સંયોજન સાથે ખાતરોના સંતુલિત ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. કેમિકલનો ઉપયોગ કેવી રીતે ઘટાડી ઉત્પાદન વધારી શકાય અને કોઈપણ પ્રકારનું અન્ય નુકસાન ન થાય એ માટે ઉપયોગી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે. આ યોજના હેઠળ નેનો યુરિયા અને સલ્ફર કોટેડ યુરિયા જેવી વસ્તુઓના ઉપયોગ માટે ગુજરાત સહિત સમગ્ર દેશના ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યાં છે.

**ભારત માતા કી જય**
**જય જય ગરવી ગુજરાત**
**જય શ્રીરામ**

# મોદીની ગેરંટી એટલે ગેરંટી પુરી થવાની ગેરંટી

- ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા માટેનું યોગદાન.
- અયોધ્યામાં નિર્માણ પામ્યું દિવ્ય અને ભવ્ય રામ મંદિર
- ૨૦૪૭ સુધી ભારતને વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગેકુચ કરી રહ્યું છે.
- દેશના વૈજ્ઞાનિકો દ્વારા ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લહેરાયો ભારતનો તિરંગો
- ૪ કરોડ પરિવારોને મળ્યું પાકું મકાન
- ૮૦ કરોડ નાગરિકોને મળ્યું નિઃશુલ્ક અનાજ
- ૧૦ કરોડ પરિવારોને મળ્યું ગેસ કનેકશન
- ૧૪ કરોડથી વધુ ઘરોને મળ્યું નળ થી શુધ્ધ જળ
- ૫૦ કરોડ લોકોને મળી રૂ.૫ લાખ સુધીની નિઃશુલ્ક સારવારની ગેરંટી

- ૫૧ કરોડથી વધુ નાગરિકો જોડાયા બેન્કીંગ સિસ્ટમ સાથે
- જનઔષધિ કેન્દ્રો દ્વારા મળી સસ્તી અને ઉત્તમ દવાઓ
- જી–૨૦ સમિટ દ્વારા વિશ્વમાં વધ્યું ભારતનું નામ
- કોરોનાકાળમાં દરેક નાગરિકને મળી નિઃશુલ્ક વેક્સિન
- ભારતને મળી આધુનિક વંદે ભારત રેલ
- ધાર્મિક અને પૌરાણિક સ્થળોનું થયું પુનરૂત્થાન.